**-: આંક-૧ હેઠળ હુકમ :-**

ચેરમેનશ્રી, જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ વ.મુખ્ય જીલ્લા ન્યાયાધીશ સાહેબશ્રીની કચેરીના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે.

ફરીયાદીશ્રી ધ્વારા આ કામે આંક-૧ થી રજુ ખાનગી ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૨ ની કલમ-૧૩૮ અન્વયેના ગુના સબબ તા.૨૮/૧૧/૨૦૧૯ ના રોજ દાખલ કરેલ છે, ત્યારબાદ, આ કામના આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ગુનાનું પ્રોસેસ કાઢવા હુકમ કરવામાં આવેલ છે. વધુમાં આ કામે આંક-૧ ની ફરીયાદમાં જણાવેલ સરનામે તેમજ ત્યારબાદ ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ સરનામે આરોપી ઉપર અવાર-નવાર સમન્સ/વોરંટ ઈશ્યુ કરતા આરોપી આંક-૧ ની ફરીયાદમાં જણાવેલ સરનામે તેમજ ત્યારબાદ રજુ કરેલ સરનામે મળી ન આવતા સમન્સ/વોરંટની બજવણી થયેલ નહી તેમજ સદર કામના ફરીયાદીને પણ આરોપી ને સમન્સ/વોરંટની બજવણી કરાવવા સારૂ હાથોહાથ લઈ ગયેલ હોવા છતા તેઓ બજવણી કરાવી શકેલ નથી.જેથી સદર કામ ઘણા સમયથી આરોપીને સમન્સ/વોરંટની બજવણી નહીં થવાને કારણે પેન્ડીંગ પડી રહેલ છે.

વધુમાં રેકર્ડ પરની હકીકતો ધ્યાને લેતા, અત્રેની અદાલત ધ્વારા આરોપી ઉપર પ્રોસેસની બજવણી કરવા ફરીયાદપક્ષને પુરતો અને વ્યાજબી સમય આપવામાં આવેલ હોવા છતા સદર કામના ફરીયાદપક્ષે પણ સદર કેસ આગળ ચલાવવા સારૂ સમયસર કોઈ કાર્યવાહી હાથ ધરેલ નહી અને ફરીયાદપક્ષને સદર કેસની આગળની કાર્યવાહી કરવા સારૂ પણ નામ.કોર્ટ મારફતે જાણ કરવા છતા તેઓ તરફે પણ સદર કેસમાં સમયસર રસ લઈને કેસની કાર્યવાહી આગળ વધારવા સારૂ કોઈ તજવીજ લીધેલ નથી. જેના કારણે પણ સદર કેસ આગળ ચાલેલ નથી અને વિલંબમાં પડેલ છે. તેમજ કેસનું રેકર્ડ ધ્યાને લેતાં પણ સદર કેસ જુનો કેસ છે તથા ફરીયાદપક્ષને પુરતી તક આપવા છતા તેઓ ઘણા લાંબા સમયથી આરોપીને પ્રોસેસની બજવણી કરાવવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં હાલના પ્રવર્તમાન સંજોગોમાં અદાલતમાં રહેલી કામગીરીનું ભારણ ધ્યાને લેતાં, આવા ડેડ વુડ કેસો મોટી સંખ્યા માં અદાલતમાં પડી રહેવાના કારણે જે કસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે અને આવા કેસોની કામગીરી પાછળ કોર્ટના કિંમતી સમયનો પણ વ્યય થાય છે.

તેમજ Hon'ble Supreme Court in case of *S. Rama Krishna Reddy Vs. S. Rami Reddy reported in AIR 2008 SC 2066.* In this judgment Hon'ble Apex Court held

that "**Complainant cannot allow a case to remain pending for an indefinite period."**

વધુમાં નામ.ઉપરી અદાલતે ભવાની ટેક્ષટાઈલ મીલ્સ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમી.અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઈકોર્ટના જજમેન્ટ તા.૧૮/૦૧/૨૦૧૦ ના ચુકાદામાં નામ.ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે, જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કીસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ડ કરવા સંબધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે. વધુમાં નામ.ઉપરી અદાલતે દિપેશભાઈ વાલજીભાઈ પટેલ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમિનલ અપીલ નં.૨૪૦૫/૦૯ ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં નામ.ગુજરાત રાજયની વડી અદાલતે હાલમાં તાજેતરમાં તા.૦૩/૦૫/૨૩ ના રોજના હુકમમાં ઠરાવેલ છે કે, નેશનલ લોક અદાલતના દીને યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં મેજીસ્ટ્રેટ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ મુજબના કેસ હાથ પર લઈ તેનો નીકાલ કરી શકે છે.

જેથી સદર કામ ફરીયાદીની ફરીયાદ હકીકત ધ્યાને લેતાં તથા રેકર્ડ પર આવેલ હકીકતો ધ્યાને લેતાં ફરીયાદીએ હાલની ફરીયાદ આરોપી વિરુધ્ધમાં ખાનગી ફરીયાદ દાખલ કરેલ છે. તેમજ આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદીને પુરતી તક આપવા છતા તેઓ તરફે સદર કેસમાં રસ લઈને સદર કેસની કાર્યવાહી આગળ વધારવા માટે કોઈ જ નોંધપાત્ર કાર્યવાહી હાથ ધરેલ નથી. જેના કારણે તેઓ આરોપીને સમન્સ/વોરંટની બજવણી કરાવીને આરોપીને હાજર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેના કારણે સદર કેસ પણ આગળ ચાલેલ નથી અને વિલંબમાં પડી રહેલ છે. તેમજ સદર કેસમાં હવે વધુ મુદત ફરીયાદીને ન્યાયના હીતમાં આપવામાં આવશે તો પણ ન્યાયનો હેતુ સિધ્ધ થાય તેમ નથી. તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સંબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવવો ન્યાયોચીત જણાય છે.

**:: આખરી હુકમ ::**

ફરીયાદીની ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૬ અન્વયે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી આરોપી ને નીદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૯મી, સપ્ટેમ્બર, સને ૨૦૨૩ ના રોજ સ્પેશયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩<br>વડોદરા.

(દીપેશ મિત્તલ)<br>જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, વડોદરા.